ક્રમાંક 8219
તા. 02/06/25

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,
યુનિવર્સિટી શાખા, બ્લોક નં-૧૨, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦.

**પરિપત્ર**

વિષય- નામદાર સુપ્રીમ કોર્ટના એસ.એલ.પી.નં૧૩૨૨૪/૨૦૨૪ના ચુકાદા અન્વયે ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના વિવિધ પ્રશ્ન અને તેના ઉપચારાત્મક કાર્ય માટે સઘન પગલાં લેવા બાબત.

સંદર્ભ-નામદાર સુપ્રીમ કોર્ટનોએસ.એલ.પી.નં૧૩૨૨૪/૨૦૨૪ નો ચુકાદો.

ભારત દેશની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં છેલ્લા કેટલાક વર્ષોમાં આત્મહત્યાનું ઊંચુ પ્રમાણ જોવા મળી રહ્યુ છે. જેના કારણો અલગ-અલગ જોવા મળી રહ્યા છે. જેમાં મુખ્યત્વે હતાશા, જાતિગત ભેદભાવ, અસમાનતાની લાગણી, અભ્યાસ સંબંધિત પ્રશ્નો, નાણાકીય અછત વગેરેનો સમાવેશ થાય છે. ઘણા કિસ્સામાં કોઇ કાર્ણ પણ સામે આવતું નથી.

નામદાર સુપ્રિમ કોર્ટના સંદર્ભદર્શિત ચુકાદા મુજબ વિદ્યાર્થીઓમાં આત્મહત્યાનું પ્રમાણ અટકે તે માટે ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ ઉચિત કાર્યવાહી કરે તે જરૂરી છે .જેના માટે રાજ્યની તમામ યુનિવર્સિટીઓ તથા તેના તાબા હેઠળની તમામ કોલેજો કક્ષાએ નીચેની બાબત સુનિશ્ચિત થાય તે જોવાનું ઘટે.

1. યુ.જી.સી. ના રેગ્યુલેશન્સ મુજબ એન્ટી-રેગીંગ કમિટી અને સેકસ્યુઅલ હેરેસમેન્ટ કમિટીની રચના કરી અને તે કાર્યરત અવસ્થામાં છે કે નહી તે સુનિશ્ચિત કરવું.
2. સંસ્થાનો વિદ્યાર્થી ડિપ્રેશનમાં જણાય તો તેના વાલીને તે બાબતે માહિતગાર કરવા અને ડિપ્રેશનના કારણો જાણી તેનું નિરાકરણ લાવવાની જવાબદારી વાલી અને સંસ્થા બંનેની છે તેમ સમજી સંયુક્ત ઉપક્રમે કાર્યવાહી કરવી.
3. સંસ્થાના વિદ્યાર્થીનું પરિણામ સતત નીચું આવતું હોય અને તે અભ્યાસ દરમ્યાન ધ્યાન ન આપી શકતો હોય કે તેના ચહેરા પર મૂઝવણ ના ભાવ હોય તો તેની સાથે સંકળાયેલ પ્રોફેસરોએ આ બાબતે તેના વાલીનું ધ્યાન દોરવું અને તે વિદ્યાર્થીની મૂંઝવણ દૂર કરવાના પ્રયત્નો કરવાના રહે છે.
4. ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં તમામ ફેકલ્ટીસને Caste based discrimination (જાતિગત ભેદભાવ), રેગીંગ કે જાતીય સતામણીના કિસ્સામાં વિદ્યાર્થીઓનું કાઉન્સેલીંગ કરવાનું રહેશે.
5. સંસ્થાના વિદ્યાર્થીને નાણાકીય મુશ્કેલી હોય તો તેને મળવાપાત્ર સ્કોલરશીપ વિશે તેને માહિતગાર કરી યોગ્ય માર્ગદર્શન આપવું.
6. સ્કોલરશીપની તમામ માહિતી સંસ્થાના નોટીસ બોર્ડ પર મૂકવી અને તેને અપડેટ રાખવી.
7. સંસ્થાના સોશિયલ મિડીયા સંબંધિત તમામ પ્લેટફોર્મ પર સ્કોલરશીપની તમામ માહિતીઓ સામેલ કરવી.

તમામ યુનિવર્સિટીઓએ એન.ઇ.પી.અને યુ.જી.સી. ની માર્ગદર્શિકા મુજબ નીચે મુજબના સેલ/કમિટીની રચના કરવી આવશ્યક છે . જેની રચના નિયમો મુજબ થયેલ છે તે સુનિશ્ચિત કરવાની જવાબદારી યુનિવર્સિટીની રહેશે.

**Mandatory Cells/Committees as per UGC & NEP Guidelines**

| Sr. No. | Committee/Cell | UGC | NEP |
|---|---|---|---|
| 1. | Anti-Ragging Cell | ✓ | |
| 2. | Socio-Economically Disadvantaged Groups Cell | | ✓ |
| 3. | Student Services Centre | | ✓ |
| 4. | Internal Complaints Committee (ICC) | ✓ | |
| 5. | Students' Grievance Redressal Committee | ✓ | ✓ |
| 6. | Equal Opportunity Cell | ✓ | ✓ |
| 7. | Apprenticeship/Internship Cell | | ✓ |

ઉપરોક્ત તમામ વિગતોને ધ્યાને લઈ રાજ્યની તમામ યુનિવસીટીઓએ તેના સંલગ્ન કોલેજો, સંસ્થાઓમાં માહિતી નો પ્રચાર-પ્રસાર કરવાનો રહેશે અને વખતો-વખત તેના દ્વારા થયેલ કાર્યવાહીનું નિરીક્ષણ કરવાનું રહેશે તથા યુનિવર્સિટી કક્ષાએ આ બાબતનું રેકર્ડ પણ જાળવવાનું રહેશે. રાજ્ય કક્ષાએ જરૂર જણાય ત્યારે રેકર્ડ મોકલી આપવાનું રહેશે.

વિશેષમાં તમામ યુનિવર્સિટીઓને સૂચિત કરવામાં આવે છે કે **National Task Force** કે **State Task Force** સંસ્થા ખાતે મુલાકાતે આવે ત્યારે તેઓને સંપૂર્ણ સહકાર આપવાનો રહેશે અને પરિપત્રમાં આપેલ સૂચનાઓનું અમલીકરણ કરી તેની તમામ વિગતો એકત્ર કરી તેની માહિતી dduniversity-che@gujgov.edu.in પર મોકલી આપવાની રહેશે.

e-sd/-

File No: CHE/PRO/e-file/103/2025/1133/UNIVERSITY
Approved By: DEPUTY DIRECTOR,UNIVERSITY,CHE
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

નાયબ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા.,ગાંધીનગર

<u>નકલ જાણ અને અમલીકરણ સારૂ.</u>

પ્રતિ,
રજીસ્ટ્રારશ્રી,
તમામ સરકારી અનુદાનિત યુનિવર્સિટીઓ,ખાનગી યુનિવર્સિટીઓ,ડીમ્ડ યુનિવર્સિટીઓ
[Type text]

**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.**

**યુનિવર્સિટી કેમ્પસ, ઉધના મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭**

**ક્રમાંક :જોડાણ(પરિપત્ર)(૨૫)/૧૩૯૬૪**

**પ્રતિ,**

**તા.૦૩–૦૬–૨૦૨૫**

**યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારું.**

**કુલસચિવ**